www.edumatireals.in

ધોરણ :– 7 **પ્રથમ સેમેસ્ટર** કુલ ગુણ :– 80

**વિષય :– વિજ્ઞાન અને ટેક્નોલોજી**

**પ્ર.૧ નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો.** **[30]**

(1) ગજિયા ચુંબકને છુટથી ફરી શકે તેમ લટકાવતા તેનો દક્ષિણ ધ્રુવ કઈ દિશામાં સ્થિર થાય છે ?
(A) ઉત્તર (B) દક્ષિણ (C) પૂર્વ (D) પશ્ચિમ

(2) દિશા જાણવા કયુ સાધન વપરાય છે ?
(A) હોકાયંત્ર (B) સુક્ષ્મદર્શક યંત્ર (C) ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપ (D) ટેલિસ્કોપ

(3) પૃથ્વીની કઈ ભૌગોલિક દિશા તરફ તેનો ચુંબકીય દક્ષિણ ધ્રુવ આવેલો છે ?
(A) દક્ષિણ (B) ઉત્તર (C) પૂર્વ (D) પશ્ચિમ

(4) કયા ખનીજ ક્ષારની ઉપયોગથી ગોઈટર થાય છે ?
(A) કેલ્શિયમ (B) ફોસ્ફરસ (C) લોહતત્વ (D) આયોડિન

(5) હાડકાની વૃધ્ધિ માટે કયુ વિટામીન જરૂરી છે ?
(A) વિટામીન B (B) વિટામીન A (C) વિટામીન C (D) વિટામીન D

(6) આપણા શરીરનો બંધારણીય ઘટક કયો છે ?
(A) પ્રોટીન (B) ચરબી (C) કાર્બોદિત (D) ખનીજ ક્ષાર

(7) કઈ વનસ્પતિના પર્ણનું કાટામાં રૂપાંતર થાય છે ?
(A) શતાવરી (B) ખરસાણી (C) ગુલાબ (D) ફાફડાથોર

(8) વનસ્પતિનું કયુ અંગ બાષ્પોત્સર્જનનું કાર્ય કરે છે ?
(A) મુળ (B) પ્રકાંડ (C) પર્ણ (D) પુષ્પ

(9) કઈ વનસ્પતિમાં અવલંબન મુળ જોવા મળે છે ?
(A) મકાઈ (B) મૂળો (C) શતાવરી (D) લીમડો

(10) પાણીનું વિદ્યુતવિભાજન કરતા મળતા હાઈડ્રોજન અને ઓક્સિજન વાયુઓનું કદ–પ્રમાણ કેટલુ હોય છે ?
(A) 1:2 (B) 2: 1 (C) 1:3 (D) 1:8

(11) પાણી શું છે ?
(A) તત્વ (B) મિશ્રણ (C) સંયોજન (D) પરમાણુ

(12) શુધ્ધ પાણીને ગરમ કરતા કયા તાપમાને ઉકળે છે ?
(A) $0^{o}$ સે (B) $4^{o}$ સે (C) $80^{o}$ સે (D) $100^{o}$ સે

(13) કઈ પિયત પધ્ધતિથી પાણીનો 40 થી 60 ટકા બચાવ થાય છે ?
(A) ટપક (B) ફુવારા (C) ધોરિયા (D) નીકપાળા

(14) નીચેના પૈકી કયું કૃત્રિમ ખાતર છે ?
(A) છાણિયું ખાતર (B) ખોળનું ખાતર (C) લીલો પડવાસ (D) યુરિયા ખાતર

(15) વનસ્પતિને જમીનમાંથી કેટલા પોષકતત્વો મળે છે ?
(A) 7 (B) 9 (C) 13 (D) 16

(16) નીચેના પૈકી કઈ અંગિકા પ્રાણીકોષમાં હોતી નથી ?
(A) કોષકેન્દ્ર (B) હરિતકણ (C) કોષરસપટલ (D) તારાકેન્દ્ર

(17) કોષની કઈ અંગિકાને કોષનું પાવરહાઉસ કહે છે ?
(A) કણ)ભસુત્ર (B) રિબોઝોમ (C) સાઈસોઝોમ (D) તારાકેન્દ્ર

(18) નીચેના પૈકી એકકોષી વનસ્પતિ કઈ છે ?
(A) હંસરાજ (B) અમીબા (C) યુગ્લિના (D) યીસ્ટ

(19) ઘડિયાળનાં કાંટાની ગતિ કયા પ્રકારની છે ?
(A) આંદોલિત ગતિ (B) સુરેખ ગતિ (C) ચક્રિયગતિ (D) વક્રગતિ

(20) નીચેના પૈકી ઝડપનો એકમ કયો છે ?
(A) મીટર (B) મીટર/ગ્રામ (C) મીટર/સેકન્ડ (D) મીટર/કિલો

(21) ઝુલતા પારણાની ગતિ કયા પ્રકારની છે ?
(A) આંદોલિત ગતિ (B) ચક્રિયગતિ (C) સુરેખગતિ (D) વક્રગતિ

(22) શ્વસનતંત્રનો મુખ્ય અને અગત્યનો અવયવ કયો છે ?
(A) નાક (B) શ્વાસનળી (C) ફેફસા (D) શ્વાસવાહિની

(23) ખોરાક સૌથી વધુ સમય કયા અવયવમાં રહે છે ?
(A) જઠરમાં (B) મોમાં (C) અન્નનળીમાં (D) આતરડામાં

(24) રુધિરનો કયો ઘટક શરીરનું રોગો સામે રક્ષણ આપે છે ?
(A) રુધિરરસ (B) રક્તકણો (C) શ્વેતકણો (D) રુધિરકણિકાઓ

Download From : http://www.edumatireals.in

www.edumatireals.in

(25) નીચેનામાંથી કયો ઉર્જાસ્ત્રોત પુનઃપ્રાપ્ય છે ?
(A) સૌર–ઊર્જા (B) કુદરતી વાયુ (C) ખનીજ કોલસો (D) પેટ્રોલ

(26) જળ–ઉર્જાનો ઉપયોગ કરવા માટે કયુ સાધન વિકસાવવામાં આવ્યું છે ?
(A) પવનચક્કી (B) સૌરકોષ (C) ટર્બાઈન (D) સોલર વોટર હિટર

(27) ખેતીકામમાં ઉપણવા માટે કઈ–ઉર્જાનો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) સૌર–ઉર્જા (B) પવન–ઉર્જા (C) જળ–ઉર્જા (D) ભુતાપીય ઉર્જા

(28) રુધિરન જામવામાં મદદ કોણ કરે છે ?
(A) રુધિરરસ્ય (B) રક્તકણો (C) શ્વેતકણો (D) રુધિરકણિકાઓ

(29) સામાન ઉચકવા માટે તમે કયુ બળ વાપરો છો ?
(A) સ્નાયુબળ (B) ઘર્ષણબળ (C) ગુરુત્વાકર્ષણ બળ (D) ચુંબકીય બળ

(30) નીચેનામાંથી વનસ્પતિકોષ કયો છે ?
(A) ગાલનો કોષ (B) અમીબા () યુગ્લિના (D) ડુંગળીનો કોષ

**પ્ર.2 નીચેના પ્રશ્નોના એક વાકયમાં જવાબ લખો : (ગમે તે દસ)** **[10]**

(1) ચુંબકમાં રહેલા નનામોટા સુક્ષ્મ ચુંબકોના સમુહને શું કહે છે ?
(2) કયા વિટામીનની ઉણપથી બેરીબેરીનો રોગ થાય છે.
(3) કયો વાયુ ચુનાના નીતર્યા પાણીને દુધિયુ બનાવે છે.
(4) પાણી કયા તાપમાને બરફમાં રૂપાંતર પામે છે ?
(5) વાવણી કરવા માટે મુખ્ય કયુ ઓજાર વપરાય છે ?
(6) કોષનુ અવલોકન કરવા કયુ સાધન વપરાય છે ?
(7) વનસ્પતિકોષની કોષદિવાલ શાની બનેલી છે ?
(8) કોષમાં ચાલતી વિવિધ ક્રિયાઓનું નિયમન કોણ કરે છે ?
(9) ફરતા ભમરડાની ગતિ કયા પ્રકારની ગતિ છે ?
(10) પિતરસ શામાં ઉત્પન્ન થાય છે ?
(11) કયાં અવયવમાં ખોરાકના પાચનની ક્રિયા પૂર્ણ થાય છે ?
(12) ખનીજ કોલસામાંથી મેળવવામાં આવતુ વાયુ બળતણ કયુ છે ?

**પ્ર.3 નીચેના પ્રશ્નોના ટુંકમાં ઉતર લખો : (ગમે તે પાંચ)** **[10]**

(1) લોખંડના અને ચુંબકના ડોમેઈનમાં શો તફાવત છે તે જણવો.
(2) આહારનાં ઘટકો જણવો.
(3) પ્રકાંડના વિશિષ્ટ કાર્યો ઉદાહરણ આપી સમજાવો.
(4) પાણીનાં ભૌતિક ગુણધર્મો જણાવો.
(5) જમીનની ચકાસણી કરવાની શું ફાયદો થાય છે ?
(6) પાચનતંત્રના અંગોના નામ લખો.
(7) પુનપ્રાપ્ત ઉર્જાસ્ત્રોતોના લક્ષણો જણાવો.

**પ્ર.4 (અ) વ્યાખ્યા આપો :(કોઈપણ પાંચ)** **[05]**

(1) ઉર્જાસ્ત્રોત (2) પાચન
(3) ઝડપ (4) એકકોષી સજીવ
(5) કોષ (6) નીદણ

**(બ) નીચેના સજીવોનું એકકોષી સજીવો અને બહુકોષી સજીવોમાં વર્ગીકરણ કરો :** **[02]**

ડુંગળી, અમીબા, યીસ્ટ, માખી, કીડી, યુગ્લિના

**(ક) નીચેનાનું દ્રાવ્ય, દ્રાવક અને દ્રાવણમાં વર્ગીકરણ કરો :** **[02]**

પાણી, ખાડ, સોડાવોટર, ખાડનું દ્રાવણ, ફટકડી, કાર્બન ડાયોકસાઈડ

**(ક) તફાવત આપો (ચારમાંથી ત્રણ)** **[06]**

(1) નરમપાણી – કઠિનપાણી
(2) નાનુ આતરડુ – મોટુ આતરડુ
(3) પુનઃપ્રાપ્ય ઉર્જાસ્ત્રોત – મોટુ આતરડુ
(4) કુદરતી ખાતર – રાસાયણિક ખાતર

Download From : http://www.edumatireals.in

www.edumatireals.in

પ્ર.5 **(અ) વૈજ્ઞાનિક કારણ આપી સમજાવો : (કોઈપણ પાંચ)** **[10]**

(1) લોખંડની સોય પર ચુંબક અન તરફ થોડીવાર ઘસવાથી સોય ચુંબક બને છે.

(2) દુધ સંપૂર્ણ આહાર છે.

(3) હરિતકણને કોષનું રસોડુ કહે છે.

(4) ભરબપોરે ઘટાદાર વૃક્ષ–નીચે ઠંડક લાગે છે.

(5) પર્ણને વનસ્પતિનું રસોડુ કહે છે.

(6) નાના બાળકોને પ્રોટીનયુક્ત આહાર આપવો જોઈએ ?

**(બ)** ડુંગળીના કોષની આકૃતિ દોરી તેની રીતનું વર્ણન કરો. **[05]**

**અથવા**

હોકાયંત્રની આકૃતિ દોરી તેના વિશે ટુકનોંધ લખો.

Download From : http://www.edumatireals.in